

# ॥ सत्संगदीक्षा मुखपाठ स्पर्धा ॥

## आफ्रिका




# Shri Hari Shreni

## 21 Verses
## Gujarati

Satsang Pravrutti Central Office, Africa


|| Shri Swaminarayano Vijayate ||




Bhagwan Swaminarayan and Aksharbrahman Gunatitanand Swami
(Shri Akshar-Purushottam Maharaj)




Brahmaswarup
Bhagatji Maharaj



Brahmaswarup
Shastriji Maharaj



Brahmaswarup
Yogiji Maharaj




Brahmaswarup
Pramukh Swami Maharaj




Pragat Brahmaswarup Mahant Swami Maharaj

I CAN, I WILL, I MUST
(CWM)
Sadhu Keshavjivandas




## Goal: Memorize 21 Shloks

| Date | Milestone | Mukhpath Shloks | Total Shloks |
|---|---|---|---|
| Sunday, 28 Mar 2021 | Pragji Bhakta Jayanti | 04 | 04 |
| Sunday, 25 Apr 2021 | Swaminarayan Jayanti | 04 | 08 |
| Sunday, 06 Jun 2021 | Yogi Jayanti | 04 | 12 |
| Sunday, 11 Jul 2021 | Final Round -1 | 04 | 16 |
| Sunday, 18 Jul 2021 | Final Round -2 | 05 | 21 |

૧. સ્વામિનારાયણ ભગવાન એટલે કે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ સર્વને પરમ શાંતિ, આનંદ અને સુખ અર્પે. (૧)

Swāminārāyaṇ Bhagwān eṭale ke sākṣhāt Akṣhar-Puruṣhottam Mahārāj sarvane param shānti, ānand ane sukh arpe. (1)

૨. આ દેહ મુક્તિનું સાધન છે, કેવળ ભોગનું સાધન નથી. દુર્લભ અને નાશવંત એવો આ દેહ વારંવાર મળતો નથી. (૨)

Ā deh muktinu sādhan chhe, kevaḷ bhognu sādhan nathī. Durlabh ane nāshvant evo ā deh vāramvār maḷato nathī. (2)

૩. લૌકિક વ્યવહાર તો દેહના નિર્વાહ માટે છે. તે આ મનુષ્ય જન્મનું પરમ લક્ષ્ય નથી. (૩)

Laukik vyavahār to dehnā nirvāh māṭe chhe. Te ā manuṣhya janmanu param lakṣhya nathī. (3)

૪-૫. સર્વ દોષોને ટાળવા, બ્રહ્મસ્થિતિને પામવા અને ભગવાનની ભક્તિ કરવા આ દેહ મળ્યો છે. આ બધું સત્સંગ કરવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુઓએ સદાય સત્સંગ કરવો. (૪-૫)

Sarva doṣhone ṭāḷavā, brahma-sthitine pāmavā ane Bhagwānnī bhakti karavā ā deh maḷyo chhe. Ā badhu satsang karavāthī avashya prāpta thāya chhe. Āthī mumukṣhuoe sadāya satsang karavo. (4-5)

૬. આશ્રયદીક્ષા મંત્ર આ પ્રમાણે છે:

ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ નિષ્પાપો નિર્ભયઃ સુખી।
અક્ષરગુરુયોગેન સ્વામિનારાયણાશ્રયાત્॥ (૧૯)

*Āshraya-dīkṣhā mantra ā pramāṇe chhe:*

Dhanyosmi pūrṇakāmosmi niṣhpāpo nirbhayah sukhī ।

Akṣhara-guru-yogena Swāminārāyaṇ-āshrayāt ॥ (19)

૭. આ સંસારમાં બ્રહ્મસ્વરૂપ ગુરુ વિના જીવનમાં બ્રહ્મવિદ્યાનો તત્ત્વે કરીને સાક્ષાત્કાર ન થઈ શકે. (૨૨)

Ā sansārmā brahmaswarūp guru vinā jīvanmā brahma-vidyāno tattve karīne sākṣhātkār na thaī shake. (22)

૮. અક્ષરબ્રહ્મ ગુરુ વિના પરમાત્માનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ન થઈ શકે તથા પોતાના આત્માને વિષે બ્રહ્મભાવ પણ પ્રાપ્ત ન થઈ શકે. (૨૩)

Akṣharbrahma guru vinā Paramātmāno uttam nirvikalp nishchay na thaī shake tathā potānā ātmāne viṣhe brahmabhāv paṇ prāpta na thaī shake. (23)

૯. અક્ષરાધિપતિ સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ હરિ છે. (૯૬)

Akṣharādhipati Swāminārāyaṇ Bhagwān sākṣhāt Paramātmā Parabrahma Puruṣhottam Hari chhe. (96)

૧૦. એ એક જ આપણા સદા પરમ ઉપાસ્ય ઈષ્ટદેવ છે. તેમની જ અનન્ય ભાવે સદા ભક્તિ કરવી. (૯૭)

E ek ja āpaṇā sadā param upāsya iṣhṭadev chhe. Temanī ja ananya bhāve sadā bhakti karavī. (97)

૧૧. ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ સનાતન અક્ષરબ્રહ્મ છે. એ અક્ષરબ્રહ્મની પરંપરા આજે પણ વિરાજમાન છે. (૯૮)

Guṇātītānand Swāmī sākṣhāt sanātan Akṣharbrahma chhe. E Akṣharbrahmanī paramparā āje paṇ virājamān chhe. (98)

૧૨. સંપ્રદાયમાં ગુણાતીતાનંદ સ્વામીથી આરંભાયેલ ગુરુપરંપરામાં આવેલ પ્રગટ અક્ષરબ્રહ્મ એ એક જ આપણા ગુરુ છે. (૯૯)

Sampradāymā Guṇātītānand Swāmīthī ārambhāyel guru-paramparāmā āvel pragaṭ Akṣharbrahma e ek ja āpaṇā guru chhe. (99)

૧૩. આપણા ઈષ્ટદેવ એક જ છે, ગુરુ એક જ છે અને સિદ્ધાંત પણ એક જ છે - એમ આપણી સદા એકતા છે. (૧૦૦)

Āpaṇā iṣhṭadev ek ja chhe, guru ek ja chhe ane siddhānt paṇ ek ja chhe em āpaṇī sadā ekatā chhe. (100)

૧૪. બ્રહ્મવિદ્યારૂપ, વૈદિક અને સનાતન એવા દિવ્ય અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને જાણવો. (૧૦૧)

Brahma-vidyārūp, Vaidik ane sanātan evā divya Akṣhar-Puruṣhottam siddhāntne jāṇavo. (101)

૧૫. અક્ષરબ્રહ્મ ગુરુને વિષે દૃઢ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરવી. તેમને વિષે પ્રત્યક્ષ ભગવાનનો ભાવ લાવીને ભક્તિએ કરીને તેમની સેવા તથા ધ્યાન કરવાં. (૧૦૮)

Akṣharbrahma gurune viṣhe dṛuḍh prīti ane ātmabuddhi karavī. Temane viṣhe pratyakṣh Bhagwānno bhāv lāvīne bhaktie karīne temanī sevā tathā dhyān karavā. (108)

૧૬-૧૭. સ્વામિનારાયણ મંત્ર દિવ્ય, અલૌકિક અને શુભ મંત્ર છે. સ્વયં શ્રીહરિએ આ મંત્ર આપ્યો છે. સર્વ ભક્તોએ તેનો જપ કરવો. આ મંત્રમાં 'સ્વામિ' શબ્દથી અક્ષરબ્રહ્મને સમજવા અને 'નારાયણ' શબ્દથી તે અક્ષરબ્રહ્મથી પર એવા પુરુષોત્તમને સમજવા. (૧૦૯-૧૧૦)

Swāminārāyaṇ mantra divya, alaukik ane shubh mantra chhe. Swayam Shrīharie ā mantra āpyo chhe. Sarva bhaktoe teno jap karavo. Ā mantramā 'Swāmi' shabdathī Akṣharbrahmane samajavā ane 'Nārāyaṇ' shabdathī te Akṣharbrahmathī par evā Puruṣhottamne samajavā. (109-110)

૧૮. મુમુક્ષુઓએ પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ ગુરુનો પ્રસંગ સદા પરમ પ્રીતિ અને દિવ્યભાવથી કરવો. (૧૩૪)

Mumukṣhuoe pratyakṣh Akṣharbrahma guruno prasang sadā param prīti ane divyabhāvthī karavo. (134)

૧૯. મુમુક્ષુએ સત્સંગીઓને વિષે સુહૃદભાવ, દિવ્યભાવ તથા બ્રહ્મભાવ રાખવા. (૧૪૦)

Mumukṣhue satsangīone viṣhe suhṛudbhāv, divyabhāv tathā brahmabhāv rākhavā. (140)

૨૦. જે થઈ ગયું છે, થઈ રહ્યું છે અને જે કાંઈ આગળ થશે, તે બધું જ સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી મારા હિત માટે જ થયું છે એમ માનવું. (૧૫૨)

Je thaī gayu chhe, thaī rahyu chhe ane je kānī āgaḷ thashe te badhu ja Swāminārāyaṇ Bhagwānnī ichchhāthī mārā hit māṭe ja thayu chhe em mānavu. (152)

૨૧. ધર્મ-નિયમ પાળવાથી જીવન ઉન્નત થાય છે અને અન્યને પણ સદાચાર પાળવાની પ્રેરણા મળે છે. (૨૭૪)

Dharma-niyam pāḷavāthī jīvan unnat thāy chhe ane anyane paṇ sadāchār pāḷavānī preraṇā maḷe chhe. (274)

# Notes



સાથે સાથે હવે મુખપાઠ ઉપર
મારો રખાવશો...
મુખપાઠ ના સમાચાર મળે છે ત્યારે
ખૂબ રાજી થાવુ છું

જય શ્રી સ્વામિનારાયણ.

# ॥ सत्संगदीक्षा मुखपाठ स्पर्धा ॥

## आफ्रिका

Blessings
Pramukh Swami Maharaj

Inspirer
Mahant Swami Maharaj